मुंबई इलाकानी भूगोळ.

(ગુજરાતના ઇતિહાસ સહિત.)

પ્રસિદ્ધ કરનાર,

માણેકલાલ કેશવલાલ.

આવૃત્તિ અગિયારમી.

અમદાવાદ.

" વિજય પ્રવર્તક " પ્રેસ.

સંવત ૧૯૫૭. સને ૧૯૦૦.

કીંમત સવા ૨ ,,

મુંબઈ ઇલાકાની ભૂગોળ.

વ્યાખ્યાઓ.

પ્રાંત—ભાષાના ભેદે કરીને કે કુદરતથી જુદા પડેલા જમીનના ભાગને પ્રાંત કહે છે

જીલ્લો—એક કલેક્ટરના તાબાનો ખાલસા મુલક જેમાં ઘણા તાલુકા હોય છે તે

સંસ્થાન—દેશી રાજાના રાજ્યને સંસ્થાન કહે છે

એજન્સી—ઘણા સંસ્થાનનો જથ્થો જે પોલિટિકલ એજંટને સોંપેલો હોય છે તે

બંદર—નદી અગર દરીઆ કાંઠે આવેલું શહેર કે જ્યાં વહાણથી ઘણો માલ આવ જા થતો હોય તે

બેટ (દ્વીપ)—જમીનના જે ભાગની ચારે દિશાએ પાણી હોય તે

દ્વીપકલ્પ—જમીનના જે ભાગની ત્રણ બાજુએ પાણી ને એક બાજુએ કોરી જમીન હોય તે

ભૂશિર (કેપ)—જમીનની જે અણી લાંબી થઈ સમુદ્રમાં ગયેલી હોય તે

ડુંગર—જમીન ઉપર જે મોટા ટેકરા ઘણા લાંબા હોય તે

પર્વત—ઊંચા ને મોટા ડુંગર હારબંધ હોય તે

મહાસાગર—ખારા પાણીનો ઘણોજ મોટો ભાગ હોય તે

સમુદ્ર કે દરીઆ—મહાસાગરથી નાનો ખારા પાણીનો ભાગ.

અખાત—સમુદ્રનો કાંઠો લાંબો થઈ જમીન ઉપર ગયો હોય તે

સરોવર—પાણીના જે ભાગની ચારેતરફ જમીન હોય તે

નદી—મીઠા પાણીનો પ્રવાહ પર્વત અગર સરોવરમાંથી નીકળી ઢળતી જગામા થઈ બીજી નદી અગર સમુદ્રને મળે છે તે

નદીનું મૂળ—જે જગાએથી નદી નીકળે છે તે જગો


નદીનું મુખ—જે જગાએ નદી સમુદ્રને મળે છે તે જગો

સંગમ—એક નદી બીજી નદીને જે જગાએ મળેછે તે

દિશાઓ.

જે દિશામા સૂર્ય ઉગેછે તે **પૂર્વ દિશા.** જે દિશામા સૂર્ય આથમે છે તે **પશ્ચિમ દિશા.** પૂર્વ દિશા ભણી મો કરી ઉભા રહીએ તો ડાબા હાથ તરફ **ઉત્તર દિશા** અને જમણા હાથ તરફ **દક્ષિણ દિશા** આવે છે

ટીકા—ખૂણા કઈ કઈ દિશાની વચ્ચે આવે છે તે તથા નકશાની દિશાઓ નીચે પ્રમાણે



મુંબઈ ઇલાકાની ભૂગોળ.

ભાગ ૧ લો.

હદ.

ઉત્તરે—બલુચિસ્તાન અને પન્જાબ **પુર્વે**—રજપૂત સ્થાન, માળવા, મધ્ય પ્રાંત, નિઝામનુ રાજ્ય અને મદ્રાસ ઇલાકો **દક્ષિણે**—મહિસૂરનુ રાજ્ય અને મદ્રાસ ઇલાકો **પશ્ચિમે**—અરબી સમુદ્ર અને હાલા પર્વતની પેલીમેર બલુચિસ્તાન.

ભાગ—(૧) સિંધ, (૨) કચ્છ, (૩) ગુજરાત (૪) મહારાષ્ટ્ર (દક્ષિણ અને કોકણ) (૫) દક્ષિણ મહારાષ્ટ્ર ને ઉત્તર કાનડા

પર્વતો—સહ્યાદ્રિ (પશ્ચિમઘાટ) સાતપૂડા, પાવાગઢ, આરાસુર, આબુ, શેત્રુંજો, ગીર, ગીરનાર ને હાલા.

સમુદ્ર—અરબી **અખાત**—કચ્છનો ને ખંભાતનો

નદીઓ.

કચ્છના રણને મળનારી—બનાસ, સરસ્વતી, કલકુ, મચ્છુ ને આજી

અરબી સમુદ્રને મળનારી—સિંધુ, ભાદર ને તાપી

ખંભાતના અખાતને મળનારી—સાબરમતી, મહી, ઢાઢર, કીમ, નર્મદા, શેત્રુંજી અને શુકભાદર

બંગાળાના ઉપસાગરને મળનારી-ગોદાવરી અને કૃષ્ણા.

સાબરમતીને-વાત્રક, ભોગાવો, હાથમતી ને ખારી મળે છે

વાત્રકને—મેશ્વો, શેઢી, ને માજુમ મળેછે.

શેત્રીને—મહોર અને લૂણી મળેછે

નર્મદાને—ઉમરાવતી અને ઓર મળેછે

તાપીને—પૂર્ણા, પાંજરા, અને ગીરણા મળેછે.

ભીમાને—સીના, નીરા અને મુળામુઠા મળેછે.

કૃષ્ણાને—ભીમા, પંચગંગા, ઘટપ્રભા, મલપ્રભા, અને વારણા મળેછે

નદીઓ વિષે હકીકત.

૧ **સિંધુ**—હિમાલયમાથી નીકળી અરબી સમુદ્રને મળેછે એને કાંઠે-મિથનકોટ, સક્કર, બક્કર, રોરી. હૈદ્રાબાદ, કોટ્રી, ઠઠ્ઠા, મીઆણી, અને કરાંચી છે

૨ **ભાદર**—મદાવનના ડુંગરમાથી નીકળીને અરબી સમુદ્રને મળેછે એને કાંઠે - જમદણ જેતપુર, ધોરાજી અને નવીબંદર છે

૩ **બનાસ**—શિરોઇના ડુંગરમાથી નીકળી કચ્છના રણને મળેછે, એને કાંઠે-ડીસા અને પાલણપુર છે

૪ **સરસ્વતી**—શિરોઇના ડુંગરમાથી નીકળી કચ્છાના રણને મળેછે એને કાંઠે-દાંતા, સિદ્ધપુર, અને પાટણ છે

૫ **મચ્છુ**—ચોટીલાના ડુંગરમાંથી નીકળી કચ્છના રણને મળેછે એને કાંઠે વાંકાનેર, મોરબી ને માળીઆ છે

૬ **શેત્રુંજી**—ગીર પર્વતમાથી નીકળી ખંભાતના અખાતને મળેછે એને કાંઠે-ધારી, પાલીતાણા ને તળાજા છે

૭ **સાબરમતી**—મેવાડના ડુંગરમાથી નીકળી ખંભાતના અખાતને મળેછે. એને કાંઠે અમદાવાદ, સાદ્રા ને પેથાપુર છે

૮ **મહી**—માળવાના ડુંગરમાથી નીકળી ખંભાતના

અખાતને મળેછે એને કાઠે-પાલી, લૂણાવાડા ને ખંભાત છે.

૯ ઢાઢર—રેવાકાંઠાના ડુગરમાથી નીકળી ખંભાતના અખાતને મળેછે એને કાઠે-ટકારી બદર છે

૧૦ નર્મદા—સાતપૂડા પર્વતમાથી નીકળી ખંભાતના અખાતન મળેછે એને કાઠે-ચાણોદ, કન્યાળી, નાદોદ, શીનોર, અને ભરૂચ છે

૧૧ તાપી—સાતપૂડા પર્વતમાથી નીકળી ખભાતના અખાતને મળેછે એને કાઠે-માડવી, સુરત અને રાદેર છે

૧૨ ગોદાવરી—નાશિક પાસેના સહ્યાદ્રી પર્વતમાંથી નીકળી બગાળી ઉપસાગરને મળેછે એને કાઠે-નાશિક ને ત્રબક છે

૧૩ ભીમા—સહ્યાદ્રી પર્વતમાથી નીકળી કૃષ્ણાને મળે છે એને કાઠે-પઢરપુર છે

૧૪ કૃષ્ણા—સહ્યાદ્રી પર્વતમાથી નીકળી બગાળી ઉપસાગરને મળેછે. એને કાઠે-સતારા, સાગલી મીરજ, અને કરૂદવાડ છે.

૧૫ નીરા—સંહ્યાદ્રી પર્વતમાથી નીકળી ભીમાને મળે છે એને કાઠે-ભોર અને ફલટન છે

ભૂશીરો—રાસમુરારી (કરાચી પાસે,) જગતપોઇંટ (દ્વારકા પાસે,) દીવ, (કાઠિયાવાડની દક્ષિણે,) કેપરામાસ (ગોવાની દક્ષિણે).

બેટ—બેટ (દ્વારકા પાસે,) ગોપનાથ, પીરમ, મુબઈ, વસાઈ, ધારાપુરી ને સાષ્ટી

દ્વીપકલ્પ—કાઠીઆવાડ

હવાખાવાની જગાઓ—માથેરાઇન (મુબઈ પાસે,) આબુ (ગુજરાતની ઉત્તરમા) ખડાળા, પુરધર વગેરે સહ્યાદ્રી પર્વતમા.

છાવણી—ભૂજ, રાજકોટ, અમદાવાદ, ડીસા, વડોદરા, મુબઈ, પુના, વગેરે.

દેશી રાજ્ય.

સિંધમાં—ખૈરપુરનું **કચ્છમાં** કચ્છનુ (ભૂજ) **ગુજરાતમાં**—ગાયકવાડનુ, ખભાતનુ, કાઠિયાવાડમા (જુનાગઢ, નવાનગર, ધ્રાગધ્રા, ભાવનગર, ઈ) પાલણપૂર, ઈડર, નાદોદ, દેવગઢબારીઆ, લુણાવાડા ને વાસદાનુ, **મહારાષ્ટ્રમાં** પેઠ, જવાર સાવતવાડી, ભોર, અકલકોટ, કોલાપુર, સાગલી, સાવનુર

પોર્ટુગીઝનાં સંસ્થાન—દીવ, દમણ, ગોવા એ પરદેશીને સ્વતત્ર છે

હબસીનાં સંસ્થાન—જાફરાબાદ ને જીજરા એમને ખડણી આપવી પડતી નથી.

મોટાં બંદર—મુબઈ, કરાચી ને કારવાડ

નાનાં બંદર—માડવી, પોરબદર, જાફરાબાદ, ઘોઘા, ભાવનગર, ખભાત, ભરૂચ, સુરત, વલસાડ, દમણ, રત્નાગિરિ, વિજયદુર્ગ, ગોવા ને હોનાવર

જાત્રાનાં ઠેકાણાં—દ્વારકા, સોમનાથ, ડાકોર, અંબાજી, બહુચરાજી, સિદ્ધપુર, સામળાજી, ખેડ બ્રહ્મા, રેવાજી, (ચાણોદ કન્યાળી પાસે) નાશિક, પઢરપુર ને વડતાલ એટલા હિંદુના. ગીરનાર, આબુ, ને પાલીતાણા એ શ્રાવકના અને ઉદવાડા એ પારશીનુ.

પેદાશ—ઘઉં, બાજરી, જુવાર, કઠોળ, કપાસ, શેરડી, તંબાકુ અફીણ, ગળી, ગુદ, ઉન અને ઇમારતી લાકડા વગેરે.

આયાત માલ—સુતર, સુતરાઉ ને ઉનના લૂગડાં લોઢું, તાબુ, ને ફરનીચર યુરોપ વગેરેના દેશોમાથી આવે છે.

બીજી હકીકત—આ ઈલાકાની રાજધાનીનું શહેર મુંબઈ છે. તેમા ગવર્નર રહે છે તે ઈ. સ ૧૬૬૧ મા અગ્રેજ સરકારને પોર્ટુગીઝ સરકારની પાસેથી પહેરામણીમા મળ્યુ છે એમા આઠ લાખ માણસની વસ્તી છે અને દુનિયાના મોટાં બન્દરોમાનુ એક છે લોકો ઘણા પૈસાદાર ને ઉદ્યોગી છે.

કચ્છના અખાતમા નવાનગર પાસે મોતી પાકે છે.

ભાગ ૨ જો.

પ્રાંતવાર વર્ણન.

૧ સિંધ.

સીમા—ઉત્તરે—બલુચિસ્તાન અને પંજાબ પૂર્વ—જેસલમીરનુ રણ ને રજપૂત સસ્થાન, દક્ષિણે—કચ્છનુ રણ અને અરબી સમુદ્ર, પશ્ચિમે —હાલા પર્વતની પેલીમેર બલૂચિસ્તાન

નદીઓ—સિધુ અને તેની નેહેરો આ નદીનુ મૂળ હિમાલયમાં હોવાથી ઉનાળામા પણ તેમા પૂર આવે છે. કારણ હિમાલય ઉપરનો બરફ ઓગળે છે.

પર્વત—હાલા **સરોવર**—મચર

રણ—થરપાર્કર, એમા પાણીની તગી છે

ભૂશિર—રાસમુરારી **બંદર**—કરાચી અને શાહબંદર

જાત્રાનું ઠેકાણું—હિંગળાજ, એ કરાચીની પશ્ચિમે આવેલુછે.

લોક ને ભાષા—એ પ્રાતમા ઘણી વસ્તી મુસલમાનોની છે તેમા સિંધી અને બલૂચી ભાષા બોલાય છે.

પ્રાપ્તી—સને ૧૮૪૩ મા સિંધના અમીરો પાસેથી એ પ્રાત અંગ્રેજ સરકારે જીતી લીધો તેમના તરફના મુખ્ય અધિકારીને કમીશનર કહે છે.

	ભાગ.	મુખ્યશેહેર.
અંગ્રેજી મુલક	૧ સિંધનો ઉપલો સરહદનો મૂલક	**જેકબાબાદ.**
	૨ શિકારપુર જીલ્લો	**શિકારપુર,** સક્કર, લારખાના, ને રોરી.
	૩ હૈદરાબાદ જીલ્લો	**હૈદરાબાદ.**
	૪ કરાચી જીલ્લો	**કરાંચી,** કોટ્રી, ઠઠ્ઠા, શાહબંદર
	૫ થરપારકર.	**ઉમરકોટ.**
(દેશી રાજ્ય)	૬ ખૈરપુર સસ્થાન	**ખૈરપુર.**

શેહેરોની હકીકત.

હૈદરાબાદ—એ સિંધુના કાઠાપર છે શેત્રંજી, રેશમી ને સુતરાઉ કાપડ, માટીના વાસણ ને ચામડાની વસ્તુને માટે વખણાયછે.

કરાંચી—સિંધ અને પંજાબના વેપારનુ મોટુ બંદર છે એમા સુતરાઉ કાપડ, માટીના વાસણ, ને કામળા બનેછે

સક્કર——સિંધુના કાઠાપર બોલનઘાટ સાથે વેપારનુ મથકછે.

ઉમરકોટ—થરપારકરનુ મુખ્ય શેહેર. એમા પો. ટી. સુપરીન્ટેન્ડેન્ટ રહેછે તથા અકબર બાદશાહ જન્મ્યો હતો.

ખેરપુર—એ દેશીરાજ મીર અલી મુરાદના તાબામાં છે.

જેકબાબાદ—એમાં પો. સુપ્રિન્ટેન્ડેન્ટ રહે છે.

૨ કચ્છ.

સીમા—ઉત્તરે અને પૂર્વે-રણ, દક્ષિણમાં કચ્છનો અખાત; પશ્ચિમે અરબી સમુદ્ર

પર્વત—એમાં ડુંગરની ત્રણ મુખ્ય હારો છે. ૧ ઉત્તરધાર એમા કાળો, ૨ મધ્યધાર એમાં ધીણોધાર, ૩ ચાડવા.

નદીઓમાં—નાગમતી, રૂકમાવતી, અને ખારી. એ ત્રણ વહેળા જાણવા લાયક છે.

ભાગ—એમાં ૧૬ પ્રગણા છે. પાવર, મિયાની બન્ની, પચ્છમ, ખડિર, પ્રાંથળ, વાગડ, અંજાર ચોવીશી, ભુવડ ચોવીશી, હાલા ચોવીશી, કાઠી, મોડાસા, અબડાસા, કડ, ગરડો ને માક.

શહેર.

ભુજ-રાજધાનીનુ શહેર-રાવશ્રી ખેગારજીએ ઈ સ. ૧૬૦૫ માં બધાવ્યુ ત્યાંના રાજા જાડેજા રજપૂત છે ત્યાનું સોના રૂપાનુ તથા ભરત કામ વખણાય છે પોલીટીકલ એજન્ટ એમાં રહે છે.

માંડવી—એ મોટામાં મોટું બંદર બીજા નબરનુ શહેર છે. ત્યાં દીવાદાંડી છે.

એ શિવાય—અંજાર, રાપર, અધોઈ ને કંથકોટ વગેરે કસ્બા જાણવા લાયક છે.

બંદરો—માંડવી, લખપત, જખૌ, મુદ્રા અને તુણા વગેરે.

વિશેષ હકીકત—આ પ્રાંતમાં સુરોખાર, ફટકડી, અને કોયલાની ખાણો છે. કચ્છી ઘોડા વખણાય છે. અને સોના રૂપાની કારીગરીની વસ્તુઓ અંગ્રેજ લોકો પણ પસંદ કરે છે.

---

૩. મહારાષ્ટ્ર.

સહ્યાદ્રી પર્વત વચ્ચે આવવાથી **દક્ષિણ** અને **કોકણ** એવા બે ભાગ એના થાય છે.

અ દક્ષિણ.

સીમા—ઉત્તરે-સાતપુડા, પૂર્વે-મધ્યપ્રાંતો ને નિજામનુ રાજ્ય, દક્ષિણે-દક્ષિણ મહારાષ્ટ્ર, પશ્ચિમે-સહ્યાદ્રી પર્વત, ને ગુજરાતનો ભાગ

પર્વત—સંહ્યાદ્રીને સાતપુડા.

નીદીઓ—તાપી, ગોદાવરી, ભીમા, કૃષ્ણા, સીના, નીરા, મુળામુઠા, ગીરણા, પાંજરા ને વારણા

જાત્રાનાં ઠેકાણાં—નાશિક, ત્રંબક ને પંઢરપુર

હવા ખાવાની જગાઓ—મહાબળેશ્વર, માથેરાન ને ખંડાળા

	ભાગ.	મુખ્ય શહેર.
અંગ્રેજી મુલક (ડીવી.)	૧ ખાનદેશ જીલ્લો... ...	...**ધુળીઆ**, માલેગામ, નંદુબાર.
	૨ નાશિક જીલ્લો... ...	...**નાશિક**, ત્રંબક
	૩ અહમદનગર જીલ્લો...	...**અહમદનગર.**
	૪ પુણા જીલ્લો... ...	......**પુણા.**
	૫ સતારા જીલ્લો.	...**સતારા.**
	૬ સોલાપુર જીલ્લો.	...**સોલાપુર.**

દક્ષીણનું.

૭ ખાનદેશ એજન્સી..........ડાંગ, સલગણુ ને મેવાસી પ્રગણાં. એવા ત્રણ ભાગ છે.

૮ પેઠ સસ્થાન..................પેંઠ.

૯ અકલકોટ સસ્થાન..........અકલકોટ.

૧૦ સતારા જાગીર...... ભોર, ફ્લટન, ઔદ ને જત

શહેરો વિશે હકીકત.

ધુળીઆ—પાજરા નદી ઉપર ખાનદેશનુ મુખ્ય શહેર છે.

માલેગામ—ગીરણા નદી ઉપર છે

નાશિક ને ત્રંબક—ગોદાવરીના કાઠાપર જાત્રાના ઠેકાણાંછે.

અહમદનગર—સીના નદી ઉપર કિલ્લો છે, આગળ મુસલ્લમાની રાજ્યની રાજ્યધાની હતી.

પુણા—મુળામુઠા નદી ઉપર પેશ્વાની રાજધાનીનુ શહેર છે. મુબાઇનો ગવર્નર ચોમાસામાં ત્યાં રહે છે તથા કાગળ બનાવવાનુ કારખાનુ છે.

સતારા—એ શહેરમા પહેલા શિવાજીના વંશજો રાજ કરતા હતા

સોલાપુર—હૈદરાબાદ સાથેના વેપારનુ મથક છે.

પંઢરપુર—ભીમા નદી ઉપર, તેમાં વિઠુલનાથજીનુ દેરૂં છે ત્યાં જાત્રા ભરાય છે.

નિકાશ—અનાજ, રૂ, શણુ, શેરડી, તમાકુ, ઈમારતી લાકડાં, મધ, મહુડાં, લાખ ને સુરોખાર.

ब કોકણ.

સીમા—ઉત્તરે ગુજરાત, પૂર્વે સંહ્યાદ્રી પર્વત, દક્ષિણે ગોવાનુ રાજ્ય, અને પશ્ચિમે અરબી સમુદ્ર.

પર્વત—સહ્યાદ્રી. **સમુદ્ર**—અરબી.

બંદર—મુંબાઈ, રત્નાગીરી. **બેટ**—સાષ્ટી, મુંબાઈ. ધારાપુરી ને વસાઈ.

અંગ્રેજી મુલક (જીલ્લા)

	ભાગ.	**મુખ્ય શહેર.**
૧	થાણા જીલ્લો.	**થાણા**, વાંદરા, કલ્યાણ.
	મુબઈ બેટ (જીલ્લોછે)	**મુંબઈ.**
૨	કોલાબા જીલ્લો.........	**અલીબાગ.**
૩	રત્નાગીરી જીલ્લો.........	**રત્નાગીરી.**

દેશી રાજ્યો

૪	જવાર સંસ્થાન...	**જવાર.**
૫	જંજીરા સસ્થાન..........	**જંજીરા** ને જાફ્રગબાદ (કાઠિયાવાડમા)
૬	સાવતવાડી સસ્થાન	**સાવતવાડી.**

શહેરો વિશે હકીકત.

થાણા—એ શહેર સાષ્ટી બેટમાં છે

કલ્યાણ—એ શહેર આગળ મુબઇથી જનારી રેલવેના બે ફાટા પડી એક નાશિક થઈ અલાહબાદને કલકત્તા ભણી જાય છે. બીજો પુના તથા સોલાપુર થઇને મદ્રાસ જાય છે

મુંબઈ—એ આ ઇલાકાની રાજધાનીનું શહેર છે તેમા ગવર્નર રહે છે એ બેટને જુદો જીલ્લો ગણે છે.

એ શિવાય—**સાવંતવાડી** એ મરેઠાનુ, અને **જંજીરા** એ હબસીનુ (દેશી રાજ્યમાં) શહેરો છે.

મુખ્ય પેદાશ—ચોખા, નાગલી, નાળીએર, સોપારી, મીઠુ અને હરડાની છે.

૪ દક્ષિણ મહારાષ્ટ્ર ને ઉત્તરકાનડા.

સીમા—ઉત્તરે મહારાષ્ટ્ર, પૂર્વે નિજામનુ રાજ્ય ને મદ્રાસ ઈલાકો; દક્ષિણે-મહિસૂર, ને મદ્રાસ; પશ્ચિમે-અરબી સમુદ્ર ગોવા ને કોકણ

પર્વત—સંહ્યાદ્રી.

નદીઓ—ભીમા, કૃષ્ણા, ઘટપ્રભા, મલપ્રભા, પંચગંગા, તુગભદ્રા વર્ધા ને વારણા.

બંદર—કારવાડ, કુમટે ને હોનાવર.

	ભાગ.	મુખ્ય શહેર.
ઈંગ્રેજી મુલક (ઈલાકો)	૧ કલાદગી જીલ્લો...	કલાદગી, **બાલકોટ**, વિજાપુર.
	૨ બેલગામ જીલ્લો...	**બેલગામ.**
	૩ ધારવાડ જીલ્લો...	**ધારવાડ**, ને હુબળી.
	૪ ઉત્તરકાનડા જીલ્લો.	**કારવાડ**, કુમટે ને હોનાવર
દેશી રાજ્ય	૫ કોલાપુર સસ્થાન...	**કોલાપુર,**
	૬ સાવનુર સસ્થાન...	**સાવનુર.**
	૭ દક્ષિણ મરેઠા જાગીર...	સાગલી, મીરજ, જમખડી, કરૂદવાડ, મુધોળ ને રામદુર્ગ

શહેરો વિશે હકીકત.

બાલકોટ—વેપારનુ મથક છે

વિજાપુર—આગળ મુસલમાની રાજ્યની રાજધાનીનુ શહેર હતું.

હુબળી—સુતરાઉ ને ઉનના કાપડને માટે પ્રખ્યાત છે

કારવાડ—એ આ ઈલાકામાં ત્રીજા નંબરનું મોટું બંદર છે

કોલાપુર—એમાં શિવાજીના વંશની શાખાનું રાજ્ય છે.

મીરજ—સારંગી અને તંબુરા સારા બને છે.

મંગળવાડા—એ પંઢરપુર પાસે ભીમા નદીના કાંઠાપર સાંગલી સંસ્થાનનું શહેર છે.

શિરહુતી—એ તુંગભદ્રાને કાંઠે સાંગલી સંસ્થાનનું બીજું શહેર છે.

પેદાશ—અનાજ, રૂ, ઈમારતી લાકડા ને ધાતુનો સામાન

૫ ગુજરાત.

સીમા—ઉત્તરે કચ્છનું રણ ને શિરોઈ; પૂર્વે-માળવા ને ખાનદેશ, દક્ષિણે-થાણા જીલ્લો ને અરબી સમુદ્ર; પશ્ચિમે કચ્છનો અખાત ને અરબી સમુદ્ર.

પર્વત—રાજપીંપળા, પાવાઘઢ, આરાસુર, આબુ, શિરોઈના ડુંગર, ચોટીલા, શેત્રુંજો, ગિરિ, ગીરનાર અને બર્ડો.

નદીઓ—બનાસ, સરસ્વતી, મચ્છુ, આજી, ભાદર, શેત્રુંજી, સાબરમતી, મહી, ઢાઢર, નર્મદા, કીમ, તાપી, મીંઢોળા, પૂર્ણા, અંબિકા, પાર, કોલક ને દમણગંગા.

ભૂશિર—જગતપોઈંટ ને દીવ **દ્વીપકલ્પ**—કાઠિયાવાડ

અખાત—કચ્છ અને ખંભાતનો **સમુદ્ર**—અરબી.

બંદરો—નવાનગર, પોરબંદર, માગરોળ, વેરાવળ, દીવ, જાફરાબાદ, મહુવા ઘોઘા, ભાવનગર, ધોલેરા, ખંભાત, ભરૂચ, સુરત, વલસાડ ને દમણ

જાત્રાનાં ઠેકાણાં—દ્વારકા, ડાકોર, અંબાજી, બહુચરાજી, શામળાજી, સિદ્ધપુર, ચાણોદ, શુકલતીર્થ, પ્રભાસપાટણ, વડતાલ,

કાળીકા, પાલીતાણા ને (પારસીનું) ઉદવાડી.

પેદાશ—અનાજ, રૂ, તમાકુ, ગળી, કસુંબી, મેવો, મહુડાં, વગેરે—

	ભાગ.	મુખ્ય શહેર.
અંગ્રેજી મુલક (ઇલાકો)	૧ સુરત જીલ્લો...	**સુરત** ને રાદેર.
	૨ ભરૂચ જીલ્લો...	**ભરૂચ** ને જંબુસર.
	૩ ખેડા જીલ્લો...	**ખેડા** ને નડિયાદ, કપડવણજ.
	૪ પચમહાલ...	**ગોધરા**, દાહોદ
	૫ અમદાવાદ જીલ્લો	**અમદાવાદ**, વિરમગામ.
દેશી રાજ્યો	૬ ગાયકવાડનો મુલક.	**વડોદરા**, ડભોઈ, પાટણ.
	૭ ખભાત સસ્થાન.	**ખંભાત.**
	૮ કાઠીયાવાડ એજન્સી.	**રાજકોટ**, નવાનગર, ભાવનગર, ધ્રાંગધ્રા, જુનાગઢ
	૯ પાલણપુર એજન્સી	**પાલણપુર**,ડીસા,રાધનપુર
	૧૦ મહિકાઠા એજન્સી.	**સાદરાને ઇડર.**
	૧૧ રેવાકાંઠા એજન્ચી.	**નાંદોદ**, બારિયા, લુણાવાડા.
	૧૨ પચમહાલ એજન્સી	**નારૂકોટ.**
	૧૩ સુરત એજન્સી	વાસદા, ધરમપુર, સચીન.

શહેરો વિશેની હકીકત.

અમદાવાદ—એ ગુજરાતની રાજધાનીનું શહેર સાબરમતીના કાઠાપર છે, એમાં રેશમી તથા કસબી કાપડ બને છે તથા વરાળયત્રથી કાપડ વણવાના કારખાના છે. નળવડે ઘેર ઘેર મીઠુ પાણી મળે છે, ને મેલા પાણીને માટે જમીનમા ગટર છે.

સુરત—તાપીના કાંઠા ઉપર છે. એ અસલ નામીચુ બંદર હતુ ને અગ્રેજોએ પહેલાં ત્યાં કોઠી કરી હતી. આ શહેરમા મીઠા પાણીના નળ પણ છે

ભરૂચ—નર્મદાના કાંઠા ઉપર જૂનુ શહેર છે.

વડોદરા—એ વિશ્વામિત્રીના કાઠાપર ગાયકવાડની રાજધાનીનુ શહેર છે

પાટણ—સરસ્વતીના કાઠાપર આગળ રજપૂત રાજ્યની રાજધાનીનુ શહેર હતું ને હાલ ગાયકવાડના તાબામા છે ત્યાંની સુડીઓને માટીના વાસણ વખણાય છે

નડીયાદ—ખેડા જીલ્લામા પહેલા નંબરનું વેપારનુ મથક છે ત્યાથી તબાકુ ઘણી ચડે છે.

રાંદેર—તાપીના કાઠાપર મોટો કસ્બો છે.

કપડવણજ—ખેડા જીલ્લાની ઉત્તરે છે એમા કાચ ને સાબુ બનાવવાના કારખાના છે

ગોધરા—એ પચમહાલમા મોટુ શહેર છે. ત્યાથી વસાણા તથા ઇમારતી લાકડાં વગેરે માલ દેશાવર જાય છે.

ખભાત—એ મહી નદીના મુખ આગળ જૂનુ શહેર છે. તેમા નવાબ રહે છે.

ભાગ ૩ જો.

ગુજરાતનું વિશેષ વર્ણન.

૧ સુરત જીલ્લો.

આ જીલ્લો ગુજરાતની છેક દક્ષિણે કીમ અને દમણગંગા નદીઓની વચ્ચે આવેલો છે

પર્વત—પારનેરા અને ડુંગરી

નદીઓ—૧ તાપી, ૨ કીમ, ૩ મીંઢોળા, ૪ પૂર્ણા, ૫ અંબિકા, ૬ પાર, ૭ કોલક ને ૮ દમણગંગા

તાલુકા.	**મોટાં ગામ.**
૧ પારડી....	**પારડી,** બગવાડા, કુતા, ઉદવાડા, કોલક ને ઉમરસાડી. ઈ.
૨ વલસાડ....	**વલસાડ,** છરવાડા, ભદેલી, માલવેણ, ઊંડાચ, બીધરી, કોસબા ને હરિયા. ઈ.
૩ ચીકલી ...	**ચીકલી,** દેગામ, ખેરગામ, આલીપોર. ઈ
૪ જલાલપોર....	**જલાલપોર,** મટવાડ, અબ્રામા, અગલસાડ, કછોલી, આટ, ખરસાડ, અષ્ટગામ, પનાર, સીસોદરા ઈ
૫ બારદોલી .	**બારડોલી,** કડોદ, સરભાણ, વાલોડ, મોતા, વરાડ, બુહારી, દેગામ, વાકાનેર, કવાસ. ઈ.
૬ માડવી ...	**માંડવી,** બહુધાન, ઘંટોલી, તડકેશ્વર. ઈ.
૭ ચોર્યાશી ...	**સુરત, રાંદેર,** કતારગામ, ભાઠા, કુંભારિયા, ઉમરા ઈ.
૮ ઓરપાડ. ..	**ઓરપાડ,** કુડસદ, ભગવાદાંડી, અડાજણ, સુહાલી, અમરેલી, કોસાડ, વરાછા. ઈ.

૨ ભરૂચ જીલ્લો.

આ જીલ્લો મહી અને કીમ નદીઓની વચ્ચે આવેલો છે. એના-પુર્વ ભાગને કાનમ ને પશ્ચિમ ભાગને **બારાં** કહે છે કાનમમાં રૂ સારૂ થાય છે.

નદીઓ—મહી, ઢાઢર, નર્મદા, ને કીમ

જાત્રાનું ઠેકાણું—શુકલતીર્થ

તાલુકા.	મોટાં ગામ.
૧ અંકલેશ્વર	...**અંકલેશ્વર, હાંસોટ,** દીવા, માડવાબુજુર્ગ, ઇલાવ, કતપુર, સીસોદરા ઈ
૨ ભરૂચ	....**ભરૂચ,** શુકલતીર્થ, ઝાડેશ્વર, નિકોરા, ઝણોર, ટંકારિયા, પારખેત, અમલેશ્વર ઈ.
૩ વાગરા	...**વાગરા, દેહેજ,** ગધાર, વિલાયત, લખીગામ ઈ
૪ આમોદ	...**આમોદ,** કેરવાડા, માતર, સરભાણ, ઇખિર, રોજાટંકારીઆ ઈ
૫ જંબુસર	...**જંબુસર,** ટંકારીઆ, ગજેરા, કાવી, વેડચ, સારોદ ને દેગામ.

---

૩ ખેડા જીલ્લો.

આ જીલ્લો મહી નદી અને અમદાવાદ જીલ્લાની વચ્ચે આવેલો છે. એના કેટલાક ભાગને **ચરોતર** કહે છે. તેમાં તબાકુ સારી થાય છે.

નદીઓ—મહી, વાત્રક, શેઢી, મેશ્વા, મહોર, ખારી.

જાત્રાનાં ઠેકાણાં...ડાકોર ને વડતાલ.

તાલુકા. **મોટાં ગામ.**

૧ કપડવણજ...**કપડવણજ**, આંત્રોલી, કઠલાલ, છીંપડી, તોરણા ને લસુદ્રા ઇ

૨ ઠાસરા...**ઠાસરા, ડાકોર**, જનોડ, પડાળ, ને કાલસર.

૩ નડિયાદ ..**નડીયાદ**, મહુધા અલીણા, ચુણેલ, ઉતરસંડા, ચકલાશી, ડભાણુ, નરસંડા, વડતાલ ને મોહળેલ.

૪ મેહેમદાવાદ...**મહેમદાવાદ, ખેડા**, સિહુજ, મહીજ, કનીજ, સરસવણી ને રૂદેણ

૫ માતર ..**માતર રઢુ**, લીંબાશી, ને ત્રાજ

૬ આણંદ . **આણંદ, ઉમરેઠ**, નાપાડ, કરમસદ, ઓડ, સારસા, સામરખા, બોરીઆવી, વાસદ, થામણા, ચીખોદ્રા, ને સંડલપુર

૭ બોરસદ...**બોરસદ**, આકલાવ, ભેટાશી, વીરસદ, દેવાણ, અલારસા, રાસ, દાવોલ, સુણાવ, પીપળાવ. ઇ.

વિશેષ હકીકત—લસુંદ્રામા ઉના પાણીના કુડછે ને કપડવણજમાં કાચ ને સાબુ બને છે.

---

૪ પંચમહાલ.

આ જીલ્લો રેવાકાઠા એજન્સીમાં બરિયાની પૂર્વ તથા પશ્ચિમે આવેલો છે, ત્યાંના કલેકટરને ગવર્નરનો એજંટ કહેછે.

નદી—મહી. **પર્વત**—પાવાગઢ (એમાં કાળીકાનુ દેરૂ છે.)

તાલુકા. **મોટાં ગામ.**

૧ ગોધરા... ... ...**ગોધરા** ને શહેરા.

૨ કાલોલ... ... ...**કાલોલ, હાલોલ**, વેજલપુર.

૩ દાહોદ... ... ...**દાહોદ, ને ઝાલોદ.**

વિશેષ હકીકત—આ જીલ્લો આગળ સિંધીઆના તાબામા હતો તે વખત ગોધરા, હાલોલ કાલોલ, દાહોદ ને ઝાલોદ એ પાચ પ્રગણા હતા તેથી તેને પચમહાલ કહેછે. ગોધરા પાસે ઉના પાણીના કુડ છે.

---

૫ અમદાવાદ જીલ્લો.

આ જીલ્લો વિસ્તારમા ઘણો મોટો અને તાલુકા એક જથે નથી.

નદીઓ—સાબરમતી, હાથમતી, વાત્રક, મેશ્વો, માજુમ, ખારી, ભાદર, રોહેર, ગોમા, નીલકા ને ઉતાવળી

તળાવ—નળ સરોવર ખારૂ છે, મુનસર, ગગાસર (વિરમગામમા) મલાવ (ધોળકામા) કાકરીઉ, ચ ડોલા, ને મલેકસાબાનુ

તાલુકા.	મોટાં ગામ.
૧ પ્રાતીજ...	**પ્રાંતીજ, મોડાસા,** હરસોલ, ઓરણ, ગાબટ, ધનસુરા, ચોઇલા, દેમાઈ. ઇ
૨ વિરમગામ...	**વિરમગામ, પાટડી,** માડલ, દેત્રોજ, ઓગાણ, ગોરૈયા, રામપુરા, સીતાપુર
૩ ધોલકા.	**ધોલકા,** બાવળા, કોઠ, ગાંગડ, ચલોડા, બદરખા, સરોડા, ને વૌઠા ઇ
૪ દસક્રોઈ...	**અમદાવાદ,** ઉવારસદ, નરોડા, કુહા, વટવા, બારેજા, જેતલપુર. ઈ
૫ ધધુકા...	**ધંધુકા, ધોલેરા,** બરવાળા, રાણપુર, ખસ, ગાફ, ભીમનાથ. ઇ.
૬ સાણદ...	**સાણંદ, સરખેજ,** કાસદ્રા, વીસલપુર, ગોધાવી, ચોરવડોદરા, મોડાસર. ઈ.

૭ ધોધા...**ઘોઘા**, વાળુકડ, કમળેજ. ઇ.

વિસેષ હકીકત—પાટડી પાસે વરાગડું મીઠું થાય છે વૌઠા ને ભીમનાથમા જાત્રા ભરાય છે

---

૬ કાઠિયાવાડ.

એ ગુજરાતના પશ્ચિમ ભાગમાં છે એને સોરઠ પણ કહે છે

પર્વત—ચોટીલા, વાલાકગીર, શેત્રુંજો, ગીર, ગીરનાર બર્ડો.

નદીઓ—ભાદર, શેત્રુંજી, મચ્છુ, ઓઝાત, આજી ને ફૂલકુ વગેરે

બંદર—ભાવનગર, મહુવા, જાફરાબાદ, દીવ, વેરાવળ, માગરોળ, નવીબંદર, પોરબંદર, દ્વારકા, નવાનગર, ને જોડીઆ

અધિકારી—પોલિટિકલ એજન્ટ—રાજકોટમા રહે છે

જાત્રાનાં ઠેકાણાં—દ્વારકા, સોમનાથ, ગીરનાર, પાલીતાણા ને ગઢડા

ભાગ		આ પોલિટિકલની કચેરી	પહેલા વર્ગનુ રાજ્ય
૧ **ઝાલાવાડ**	(ઉત્તરમા)	વઢવાણ	ધ્રાગધ્રા
૨ **ગોહીલવાડ**	(પૂર્વમા.)	સોનગઢ	ભાવનગર
૩ **સોરઠ**	(દક્ષિણમા)	માણેકવાડા	જુનાગઢ
૪ **હાલાર**	(પશ્ચિમમાં)	રાજકોટ	નવાગર

ઉપરના ચાર પ્રાંત નીચેના દશ પરગણામાથી કરેલા છે

પરગણાં.

૧ **ઝાલાવાડ**—એમા ધ્રાગધ્રુ, લીબડી, વઢવાણ, વાંકાનેર, લખતર, સાયલા, ચુડા ને બજાણા છે

૨ **ગોહીલવાડ**—એમા ભાવનગર, પાલીતાણા, લાઠી ને વળા છે

૩ **ઉંડસરવૈયાવાડ**—એમા દાઠા, ગણધોલ ને ચોક છે.

૪ **બાબરિયાવાડ**—એમા જાફરાબાદ ને ડેડાણ છે.

૫ **કાઠિયાવાડ**—એમાં અમરેલી (ગાયકવાડી), જેતપુર, બગસરા ને જસદણુ છે.

૬ **સોરઠ**—એમા જુનાગઢ, કોડીનાર, (ગાયકવાડી) બાટવા ને અમરપુરા છે

૭ **બર્ડો**—એમાં પોરબંદર.

૮ **હાલાર**—એમા નવાનગર, ગોંડળ, રાજકોટ ધ્રોળ ને ધ્રાફ્રા છે

૯ **મચ્છુકાંઠો**—એમા મોરબી ને માળીઆ છે

૧૦ **ઓખામંડળ**—એમા દ્વારિકા, કચ્છીગઢ, આરભડું. ને મઢીગામ

---

૭ પાલણપુર એજન્સી (ગુજરાતની ઉતરમા છે)

નદીઓ—બનાસ, સરસ્વતી, ને નીમરાખી

પર્વત—શિરોઇના ડુંગર

અધિકારી—પોલિટિકલ સુપ્રીનટેન્ડેન્ટ પાલણપુરમા રહે છે.

સંસ્થાનો.

મુસલમાની—૧ પાલણપુર, ૨ રાધનપુર, ૩ વારાઇ, ૪ મોરવાડા

રજપુતનાં—૫ થરાદ ને મોરવાડ, ૬ વાવ, ૭ સુઇગામ, ૮ દેવદર, ૯ ચારચટ ને શાતલપુર

કોળીનાં—૧૦ ભાભર, ૧૧ કાકેજ.

વિશેષ હકીકત—પાલણપુર પાસે ડીસામા અગ્રેજી લશ્કરની છાવણી છે.

---

૮ મહિકાંઠા એજન્સી.

એ એજન્સી ગુજરાતના ઇશાન ખુણામાં છે ને તેના ગામ અમદાવાદ ને ખેડા જીલ્લા સાથે શેળભેળ છે.

પર્વત—આરાસુરનો તે ઉપર અબાજીનુ દેરૂ છે.

નદીઓ—સાબરમતી, વાત્રક, હાથમતી, ખારી, મેશ્વો, ને માજુમ.

જાત્રાનાં ઠેકાણાં—અંબાજી, શામળાજી, ને ખેડબ્રહ્મા.

પ્રગણાં. સંસ્થાન.

૧ નાની મારવાડ.. ઇડર, દાતા ને માલપુર.

૨ રેવર......મોહનપુર, રણાસળ.

૩ સાબરકાઠો...માણસા, પેથાપુર, વરસોડા ને ઇલોલ.

૪ વાત્રકકાંઠો...આમલિયારા, ઘોડાસર સાઠંબા, પુનાદરા ને ખડાલ.

૫ બાવીશી... ..વાસણા, મહિસા ને ડભોડા.

૬ કટોસણ...જોટાણા, સાથળ ને મગુના.

વિશેષ હકીકત—ઇડરનુ સંસ્થાન મુખ્ય છે એની પાસે અમહદનગર. ને દાતામાંથી પથ્થર નીકળે છે, અને મોહનપુર સંસ્થાનના અડપોદરા ગામ પાસે અબરખની ખાણો છે.

---

૯ રેવાકાંઠા એજન્સી (ગુજરાતના પૂર્વમાં છે.)

ભાગ—૧ સંખેડા મેવાસ, ૨ પાંડુ મેવાસ.

પર્વત—રાજપીંપળા એમાંથી અકીક જડે છે

નદીઓ—મહી, નર્મદા, પુનેમ, ગોમા, ઢાઢર, વિશ્વામીત્રી

અધિકારી—પોલીટિકલ એજન્ટ વડોદરામા રહે છે.

મોટાં સસ્થાન.

૧ રાજપીંપળા, (નાદોદ,) ૨ છોટાઉદેપુર, ૩ બારીઆ, ૪ લુણાવાડા, ૫ સુંથ, ૬ વાડાસીનોર, એમાં મુસલમાની રાજ છે.

નાનાં સંસ્થાન—કડાણા, સન્જેલી, ભાદરવા ને ઉમેટા.

નિકાશ—ઇમારતી લાકડુ ને કરિયાણુ વગેરે.

---

૧૦ પચમહાલ એજન્સી.

એ એજન્સી પાવાગઢની પાસે આવેલી છે, એમા કોળીનાં ઘણા નાના સંસ્થાન છે તેમા મુખ્ય **નારૂકોટ** છે

એ સસ્થાન ઉપર પચમહાલનો કલેકટર અગ્રેજ સરકાર તરફથી વહીવટ કરેછે તે વખતે તે ગવર્નરનો એજંટ કહેવાયછે.

---

૧૧ સુરત એજન્સી.

એ એજન્સી ગુજરાતની દક્ષિણે છે. તેના ઉપર સુરતનો કલેકટર દેખરેખ રાખે છે.

નદીઓ—કાવેરી, અબીકા, દમણગગા વગેરે

જાત્રાનું ઠેકાણુ—(વાસદા સસ્થાનમા) દેવકી ઉનાઈ, એમા ઊંના પાણીના કુડ છે.

સસ્થાનો—૧ વાસદા, ૨ ધર્મપુર, (રામનગર)૩ સચીન

ટીકા--સચીન સસ્થાનના ગામ ચોર્યાશી તાલુકામા વેરાતા છે

નિકાશ—ઇમારતી લાકડું ને શીશમ

---

૧૨ ખંભાત સંસ્થાન.

એ સંસ્થાન મહી નદીના મુખ આગળ છે

મુખ્ય શહેર—ખભાત—મહીના મુખ આગળ ઘણું જાુનું શહેર છે તેમા નવાબ રાજ કરે છે, ને ખેડાનો કલેકટર દેખરેખ રાખે છે તથા બોરસદનો મામલતદાર ખડણી વસુલ કરે છે.

૧૩ ગાયકવાડનો મુલક.

એ રાજ્ય એક જથે નથી પણ ગુજરાતના ઘણા ભાગમાં છુટું છુટુ છે તેના મુખ્ય ચાર જથા થઈ શકે છે

૧ ઉતર તરફનો ભાગ—એમા પાટણ, સિદ્ધપુર, ખેરાળુ, વડનગર, વિસનગર, મેસાણા, વિજાપુર, કડી વગેરે શહેરો છે

૨ પશ્ચિમભાગ–દ્વારકા (ઓખામંડળ) અમરેલી, ધારી, કોડીનાર, દામનગર વગેરે મહાલો છે

૩ મધ્ય ભાગ–વડોદરા, પાદરા, ડભોઈ, સીનોર સોજીત્રા, પેટલાદ, વસો વગેરે શહેર છે

૪ દક્ષિણ ભાગ—નવસારી, ગણદેવી, બળેશ્વર વગેરે પ્રગણા છે.

મુખ્ય શહેર—વડોદરા. એ ગાયકવાડ સરકારની રાજધાનીનુ શહેર વિશ્વામિત્રી નદીના કાઠાપર છે, તેમા અગ્રેજી લસ્કર ને રેસીડેન્ટ રહેછે તે મુબાઈ ઈલાકાનુ મોટામા મોટુ દેશીરાજ્ય છે અને તેમા કેળવણી ખાતુછે તે ઘણુજ સારૂ કામ કરેછે આ શહેરમાં નળવડે લોકને પાણી પૂરૂ પાડવામા આવેછે.

ટીકા—ગાયકવાડનો કેટલોક ભાગ ખાનદેશ જીલ્લાને લગતો છે. મુખ્ય વજપુર છે.

ગુજરાતનો ઇતિહાસ.

આપણે ગુજરાતના વતની છીએ, ગુજરાતમા હાલ અગ્રેજ સરકારનુ રાજ્ય મુખ્ય છે, અગ્રેજ પહેલા મરેઠાનું અને તેમની પહેલા મુસલમાનોનું મુખ્ય રાજ્ય હતુ, અને મુસલમાન પહેલા રજપૂત રાજાઓ રાજ્ય કરતા હતા, તેમા જાદવકુળના રજપૂત રાજાએ દ્વારકામા સૌથી પહેલા રાજ કરેલુ જાણવામા આવ્યુ છે

વલ્લભીપુર— એ શહેર ભાવનગરની ઉત્તરે વળા ગામની પાસે હતુ તે કોણે ને કયારે વસાવ્યુ તથા કયારે અને શી રીતે નાશ પામ્યુ તે બરાબર જાણવામા આવ્યું નથી પણ ઈ સ ૧૪૪થી ૩૪૪ સૂધીના જે લેખો મળ્યાછે. તે ઉપરથી માલમ પડેછે કે વલ્લભીપુરમા પહેલાં મોટા રજપૂત રાજ્યની રાજધાની હતી તેની ગાદીએ ૧૮ રાજા થયા, તેમાના છેલ્લા પાચ રાજાના નામ શિલાદિત્ય હતા છેલ્લો શિલાદિત્ય વેદધર્મી અને શીવમાર્ગી હતો. વલ્લભીપુરનો નાશ થયા પછી **ચાવડા** રજપૂતોનુ રાજ થયુ હતુ

પચાસર—કચ્છના રણ પાસે ઝીઝુવાડાની ઉત્તરે એ શહેર હતુ તેમા છેલ્લો રાજા **જયશિખર ચાવડો** ઈ સ ૬૯૬ મા રાજ કરતો હતો એના વખતમા દેશ આબાદ ને લોક સુખી હતા એના રાજકવિ **શંકર** કનોજ દેશમા કલ્યાણી શહેરના **ભૂવડરાજાના** દરબારમા ગયો, અને ત્યા જયશિખરના

તથા ગુજરાતનાં ઘણા વખાણ કર્યાં, તેથી મોહ પામી ભૂવડે પોતાના સેનાપતિ **મીરને** લશ્કર આપી ગુજરાત જીતવા મોકલ્યો. ગુર્જરસેનાપતિ **સુરપાળે** મીરને હરાવી પાછો કાઢયો. ત્યારે ભૂવડ પડે આવ્યો અને પચાસરને ઘેરી લીધુ. એ ઘેરો પર દિવસ ચાલ્યો તેમા ભારે લઢાઇઓ થઈ ને બંને તરફના હજારો લઢવાઇઆ માર્યા ગયા. છેવટ જયશિખરના માણસ ખુટવાથી તે મરાયો ને પચાસર ભૂવડને હાથ ગયુ. સોરઠ, કચ્છ, વગેરેના મંડળીક રાજાઓને તાબે કરી ગુજરાતનો વહિવટ ચલાવવા એક પ્રધાન મૂકી ભૂવડ સ્વદેશ ગયો.

ચાવડા વંશની વંશાવળી. ૭૪૬—૯૪૨—૧૯૬.

૧ વનરાજ	૭૪૬	૮૦૬	૬૦
૨ યોગરાજ	૮૦૬	૮૪૨	૩૬
૩ ક્ષેમરાજ	૮૪૨	૮૬૬	૨૪
૪ ભૂવડ.	૮૬૬	૮૯૫	૨૯
૫ વિરસિંહ	૮૯૫	૯૨૦	૨૫
૬ રત્નાદિત્ય.	૯૨૦	૯૩૫	૧૫
૭ સામતસિંહ.	૯૩૫	૯૪૨	૭

વનરાજચાવડો—૭૪૬—૮૦૬ જયશિખરે મરતા પહેલા પોતાની બે જીવવાળી રાણી **રૂપસુંદરીને** તેના ભાઈ સુરપાળ સાથે વનમા મોકલાવી દીધી હતી વનમા તેની ચાકરી એક ભીલડીએ કરી અહીં રૂપસુદરીને વૈશાખી પુનમે કુંવર અવતર્યો એ કુવર વનમા જન્મ્યો માટે તેનુ નામ **વનરાજ** પાડયુ વનરાજ છ માસનો થયો તેવામા **સીલગુણસુંરી** નામે ગોરજી ત્યાં થઈ જતો હતો તેણે મહારાજ જયશિખરના રાણી અને કુવરને ઓળખ્યાં, તેથી તેમને પોતાને અપાસરે

લઈ જઈ રાખ્યાં. અહી વનરાજ મોટો થયો

વનરાજ મોટી ઉમ્મરનો થયો એટલે પોતાના મામા સુરપાળ સાથે જંગલ અને ડુંગરોમા ગયો. અને લઢાઈના કામમા હોશિયાર થવાથી ભૂવડના માણસને હેરાન કરવા લાગ્યો પછી તેનો મામો મરણ પામ્યા છતા હિંમત ન હારતા વનરાજે નવા મિત્રો વધારી રાજ્યપદ ધારણ કર્યું ભૂવડનુ જોર વધારે હોવાથી કેટલાક વખત સૂધી તે ફક્ત નામનો મહારાજા રહ્યો.

ભૂવડે ગુજરાતની ઉપજ પોતાની દીકરી **મીનળદેવીને** આપી હતી. એ બાઈના માણસ ખડણીમાં ઘણા પૈસા અને ઘોડા વગેરે પોતાને દેશ લઈ જતા હતા તેમને વનરાજે લૂટી લીધા તે પૈસાથી સરસ્વતીને તીરે પાટણ શહેર વસાવી ત્યા પોતાની રાજધાની કરી. ઈ સ ૭૪૬

અણહિલ નામે ભરવાડે વનરાજને જગલમા સતાવાની જગાને છાના રસ્તા બતાવી સાહ્ય કરી હતી, માટે તેનુ નામ રાખવા પોતાની રાજધાનીનુ નામ અણહિલવાડ પાડયુ.

શ્રીદેવી નામે વાણિયણે તેની પરોણા ચાકરી કરી હતી માટે વનરાજે ગાદીપર બેસતી વખતે તેને હાથે તીલક કરાવ્યુ ચાપા નામે વાણિયાએ પૈસા વગેરેની મદદ આપી હતી માટે તેને પ્રધાન બનાવ્યો એ ચાંપાએ ચાપાનેર વસાવ્યુ હતુ. વનરાજ ૧૧૦ વર્ષની લાબી ઉમ્મરે પાટણ વસાવ્યા પછી ૬૦ વર્ષ રાજ કરી મરણ પામ્યો. પાટણની ગાદીપર તેના પછી તેના વશજોએ રાજ કર્યુ

યોગરાજ—૮૦૬-૮૪૨. એ એના બાપ વનરાજના જેવો

પરાક્રમી હતો તેણે રાજમાં તથા ઉપજમાં વધારો કર્યો, તે લઢાઇમાં શૂરો ને ચતુર હતો. તીર મારવાનુ કામ સારૂં જાણતો હતો. એક પુસ્તક રચ્યું હતુ એટલો એ ભણેલો હતો. એના વખતમાં એના દીકરા ક્ષેમરાજે પરદેશી વહાણ લૂટયા માટે તેને ઠપકો આપ્યો હતો.

ક્ષેમરાજ—૮૪૨-૮૬૬ એણે રાજનો વિસ્તાર વધારીને દેશ આબાદ કર્યો, તેના પછી તેનો દીકરો ગાદીએ બેઠો.

ભૂવડ (પીથુ)—૮૬૬-૮૯૫. એના પછી તેનો દીકરો ગાદીએ બેઠો

વિરસિંહ—૮૯૫-૯૨૦. એના અને એના બાપના વખતમાં કંઈ જાણવા લાયક બનાવ બન્યા નથી.

રત્નાદિત્ય—૯૨૦-૯૩૫. એ વિરસિંહનો દીકરો થાય, તે સાચો, શૂરો, ને પ્રમાણિક હતો. એણે ચોર અને લૂચ્ચાં માણસને દેશમાથી કાઢી મૂક્યાં, તેથી રૈયત સુખી થઈ તેના પછી તેનો દીકરો ગાદીએ બેઠો.

સામંતસિંહ—૯૩૫-૯૪૨. એ ચાવડા વંશનો છેલ્લો રાજા નબળો અને દુર્ગુણી હતો. પંચાસર જીતનાર કનોજ દેશના કલ્યાણી નગરના ભૂવડ રાજાના વંશમાં ચોથી પેઢીએ ભુવનાદિત્ય રાજા થયો. એ ભુવનાદિત્યનો **રાજ** નામે કુંવર સામંતસિંહની બેન **લીલાદેવી** વેરે પરણ્યો હતો, તેને **મુળરાજ** નામે કુંવર થયો. એ મુળરાજને એક વખત સામંતસિંહે દારૂના ઘેનમા ગાદીએ બેસાડયો. પાછળથી ના કબુલ કરવાથી મૂળરાજે બંડ કરી પોતાના મામાને મારી નાખ્યો ઈ. સ. ૯૪૨. મોશાળીઆમાંથી કોઈ ગાદીનો દાવો કરવા ન પામે

માટે સર્વના પ્રાણ લીધા. આથી ચાવડા રજપૂતોનાં હાથમાંથી ગુજરાત પ્રાત ગયો અને સોળકી વશના રાજા ગુજરાતમા રાજ કરવા લાગ્યા

સોલંકી વંશ ૯૪૨-૧૨૪૪-૩૦૨.

૧ મૂળરાજ	૯૪૨	૯૯૭	૫૫
૨ ચામુડ	૯૯૭	૧૦૧૦	૧૩
૩ વલ્લભસેન	૧૦૧૦	૧૦૧૦	૦
૪ દુર્લભસેન	૧૦૧૦	૧૦૨૨	૧૨
૫ ભીમદેવ (પહેલો)	૧૦૨૨	૧૦૭૨	૫૦
૬ કરણ.	૧૦૭૨	૧૦૯૪	૨૨
૭ સિદ્ધરાજ	૧૦૯૪	૧૧૪૩	૪૯
૮ કુમારપાળ.	૧૧૪૩	૧૧૭૪	૩૧
૯ અજેપાળ.	૧૧૭૪	૧૧૭૭	૩
૧૦ બાળમૂળરાજ (બીજો)	૧૧૭૭	૧૧૭૯	૨
૧૧ ભીમદેવભોળો (બીજો).	૧૧૭૯	૧૨૪૨	૬૩
૧૨ ત્રીભોવનપાળ.	૧૨૪૨	૧૨૪૪	૨

મૂળરાજ—૯૪૨-૯૯૭ તેનો જન્મ થતી વખતે તેની મા લીલાદેવી મરણ પામી હતી. તેથી પેટ ચીરીને તેને જીવતો કાઢી લીધો હતો એનો જન્મ મૂળ નક્ષત્રમા થયો તેથી તેનુ નામ મૂળરાજ પાડયુ.

મૂળરાજ ગાદીએ બેઠો. તેવારે ઉત્તરમાથી અજમેરનો રાજા અને દક્ષિણમાથી તૈલગણના રાજાનો સેનાપતિ બાર્પ, એ બને તેના ઉપર ચઢી આવ્યા. મૂળરાજે અજમેરના રાજાને પૈસા આપી પાછો કાઢયો ને બાર્પને લઢાઇમાં હરાવ્યો. પછી ખંડીયા રાજાઓને વશ કરવામાં રોકાયો.

સોરઠનો રાજા ગૃહરીપુ. મૂળરજનો હુકમ નહિ માનતા પ્રભાસપાટણમા સોમનાથની જાત્રા કરવા જનારને લૂંટવા લાગ્યો, તેથી મૂળરાજે તેના ઉપર ચઢાઈ કરી. કચ્છનો રાજા લાખો અને બીજા કેટલાક મિત્ર અને ખડીઆ રાજા ગૃહરીપુને આવી મળ્યા તેથી તેની કને જબરૂ લશ્કર થયુ. મૂળરાજે તેમને હરાવી ગૃહરીપુ તથા લાખાના પ્રાણ લીધા. તેથા સોરઠ તથા કચ્છ વગેરે ઠેકાણે મૂળરાજની સત્તા જામી.

મહી અને નર્મદાની વચ્ચે આવેલા લાટ દેશના રાજાએ અપમાન કરવાથી મૂળરાજે તેને જીત્યો. આ લડાઈમા ચામુડે બહાદુરી બતાવી બાપને રાજી કર્યો મૂળરાજનુ રાજ આબુથી નર્મદાની દક્ષિણ સૂધી હતુ એણે કેટલાક શિવાલય બધાવ્યા સિદ્ધપુરમા રૂદ્રમાળનુ મોટું દેરૂં બધાવવા માડ્યુ તે પૂરૂં થયુ નહીં તેણે મોશાળિયાની હત્યાના પાપમાથી છુટવાને બ્રાહ્મણોને બહુ દાન આપ્યું તથા વિદ્વાન બ્રાહ્મણોને ઉત્તરમાંથી બોલાવી ગુજરાતમા વસાવ્યા તેઓ ઉત્તરના (ઔદિચ્ય) એ નામે હાલ ઓળખાય છે. એના પછી તેનો દીકરો ચામુંડ ગાદીએ બેઠો

ચામુંડ—૯૯૭–૧૦૧૦, એને વલ્લભસેન, દુલ્લભસેન ને નાગરાજ એવા ત્રણ દીકરા હતા. વડા કુંવર વલ્લભસેનને રાજ સોપી ચામુડ કાશીએ ગયો

વલ્લભસેન—૧૦૧૦–૧૦૧૦. એ દયાળુ અને સત્યવાદી હતો. ગાદીએ બેઠા પછી થોડા માસમાં તે શીતળાના રોગે મરણ પામ્યો, ચામુડે કાશીથી આવી દુલ્લભસેનને ગાદીપર બેસાડયો ચામુડ સાધુ થઈ શુકલતીર્થમાં જઈ રહ્યો.

દુર્લભસેન—૧૦૧૦-૧૦૨૨. એણે રાજકારભાર ઠીક ચલાવ્યો. તળાવ ને દેરા બંધાવી લોકને સુખી કર્યા. તેના પછી તેના ભાઈ નાગરાજનો કુંવર ભીમદેવ ગાદીએ બેઠો.

ભીમદેવ—૧૦૨૨-૧૦૭૨. એના વખતમા ઈ. સ ૧૦૨૪ મા ગીજનીના સુલતાન મહમુદે સ્વારી કરી. મહમુદ ઓચિંતો આવ્યો તેની સામા થવાની તૈયારી ભીમદેવ કરી શકયો નહી પ્રભાસપાટણ આગળ મહમુદ સાથે લઢતા આખરે ભીમદેવ હાર્યો, અને કચ્છભણી નાશી ગયો મહમુદે સોમનાથનુ દેરૂ લૂટી તેમાના શીવલીગના કકડા કર્યા પછી ભીમદેવની પાછળ કચ્છમા ગયો તેથી ભીમ પોતાના કથકોટના કિલ્લામાથી નાશી ગયો ને મહમુદના ગયા પછી પાછો આવી રાજ કરવા લાગ્યો.

એણે સિધ ઉપર ચડાઈ કરી તે દેશ જીત્યો અને કાશીના રાજા કરણ જોડે દોસ્તી કરી માળવા ઉપર સ્વારી કરી આ વખતે માળવાનો પ્રખ્યાત ભોજ રાજા તેમની સામે થયો લઢાઈ ચાલતી હતી તેવામા ભોજ મરણ પામ્યો, તેથી કાશીના રાજા કરણે ધારા નગરીનો ભડાર લૂટયો અને માળવાની ઉપજ ભીમદેવને સોપી.

ભરતખડના જે ભાગ મુસલમાનોએ જીત્યા હતા તે પાછા લેવાને અજમેરના રાજા વિશળદેવની સરદારી નીચે રજપુત રાજાઓ મળ્યા તેમા ભીમ સામેલ ન થવાથી તેને શિક્ષા કરવાને વિશળદેવ ગુજરાત ઉપર ચડી આવ્યો તેમા ભીમદેવ હાર્યો ને વિશળદેવને ઘણા પૈસા આપ્યા, તથા જે ઠેકાણે યુદ્ધ થયુ તે જગાએ વિશળનગર (વીશનગર) વસાવવા દેવાનુ કબુલ કર્યું.

ભીમદેવના વખતમા આબુ ઉપર દેલવાડામા અને આરાસુર ઉપર કુંભારીઆમા **વિમળશાએ** મોટા ને સુદર દેરા બધાવ્યા છે

ભીમદેવને ક્ષેમરાજ, કરણ ને મૂળરાજ એવા ત્રણ દીકરા હતા તેણે ઘડપણનો વખત ઈશ્વરભક્તિમા કાઢવા સારૂ વડા કુવર ક્ષેમરાજને રાજ આપવા માડયુ પણ ક્ષેમરાજે તેની જોડે તીર્થમા જઈ રહેવાની ઈચ્છા જણાવ્યાથી કરણને ગાદી મળી

કરણ—૧૦૭૨-૧૦૯૪. એણે ધધુકા, આશાવળ વગેરે મહેવાસના કોળી રાજાઓને વશ કરી રાજ્યને મજબુત કર્યું પાટણની દક્ષિણે મોઢેરા ગામમા કરણસાગર તળાવ તથા બીજે ઠેકાણે દેરા બધાવ્યા, વળી એણે કરણાવતી નગરી વસાવી હતી પણ તે કયા આગળ હતી તે હજી બરોબર માલમ પડયુ નથી તેની પાછળ તેનો કુવર ગાદીએ બેઠો.

સિદ્ધરાજ—૧૦૯૪-૧૧૪૩ કરણરાજા મૂઓ ત્યારે એ બાળક હતો તેથી કેટલાક વરસ સૂધી રાજકારભાર તેની મા **મીનળ દેવીએ** ચલાવ્યો. તે અરસામા તેણે વિરમગામમા મુનસર અને ધોળકામા મલાવ તળાવ બધાવ્યા.

સિદ્ધરાજને લેઈ મીનળદેવી ગુજરાતમા ફરવા નીકળી હતી, તેવામાં માળવાના રાજા **અશોવરમાએ** પાટણ ઉપર ચઢાઈ કરી, તેને પાટણમા મુકેલા સિદ્ધરાજના પ્રધાને પૈસા આપી પાછો કાઢયો એ વાત સિદ્ધરાજને ગમી નહિ, તેથી તેણે પાટણ આવી માળવા જીતવાની તૈયારી કરી એ તૈયારી થતી

હતી તેવામા તેણે પાટણમાં સહસ્ત્રલીગ નામે તળાવ ખોદાવા માડ્યુ. સિદ્ધરાજે માળવાના રાજા સાથે બાર વરસ સૂધી લટી ત્યાના રાજા યશોવરમાને કેદ કરી પાટણ આણ્યો ને તેને સારી રીતે માન આપી પોતાની લાયકી જણાવી ત્યાર પછી તેણે સિદ્ધપુરમા મૂળરાજના વખતમા બધાવવા માડેલો રૂદ્રમાળો પૂરો કરાવ્યો

સિધના રાજાને ત્યા જન્મેલી કુંવરીને વહેમને લીધે વગડામા મૂકી આવ્યા હતા તે છોડી સોરઠમા કોઈ કુભારને ત્યા ઉછરી મોટી થઈ તેનુ નામ રાણકદેવી હતુ તેનો વિવાહ સિદ્ધરાજ સાથે થયો હતો લગ્ન થતા પહેલા જુનાગઢનો રાજા ખેગાર તેને જબરાઇથી લઈ જઈ પરણ્યો તેથી સિદ્ધરાજ ગુસ્સે થયો ને સોરઠ ઉપર ચઢાઇ કરી બાર વરસ સૂધી ખેગાર સાથે લઢયો છેવટે ખેગારને તથા રાણકદેવીના બે કુવરને મારી નાખી રાણકદેવીને પકડી આણી તે સિદ્ધરાજ સાથે લગ્ન ન કરતા વઢવાણ આગળ સતી થઈ બળી મૂઈ.

સિદ્ધરાજે પોતાના રાજમા ઠેકાણે ઠેકાણે કૂવા, વાવ, તળાવો અને દેરા ઘણા બધાવી લોકોને સુખી કર્યા તેથી એની ઘણી નામના થઈ. જૂના નવાણ હાલ જોવામા આવે છે. તે સિદ્ધરાજ જયસિહના બાધાવેલા કહેવાય છે

એણે પોતાનુ રાજ વધાર્યું તથા સારી રીતે બદોબસ્ત રાખ્યો એના રાજની હદ ઉતરમા આબુની પેલીમેર, પૂર્વમા માળવાની પેલીમેર, અને દક્ષિણમા કોલાપુરના રાજ્ય સૂધી હતી

સિદ્ધરાજને પુત્ર ન હોવાથી તેનુ રાજ એના ઓરમાઈ કાકા ક્ષેમરાજના વશમાં ગયુ ક્ષેમરાજનો પુત્ર દેવપ્રસાદ અને દેવપ્રસાદનો કુવર ત્રીભોવનપાળ હતો એ ત્રીભોવન પાળને—મહીપાળ, કીર્તીપાળ અને કુમારપાળ એવા ત્રણ દીકરા હતા. તથા પ્રેમળદેવી અને દેવળદેવી એ બે દીકરીઓ હતી પ્રેમળદેવીને સિદ્ધરાજના સામત કહાનદેવ વેરે, અને દેવળદેવીને કાશ્મીરના મહારાજા વેરે પરણાવી હતી સિદ્ધરાજને કોઈ જોશીએ કહ્યુ હતુ કે તમારી પાટે કુમારપાળ બેસશે પણ તેમા સિદ્ધરાજ રાજી નહિ હોવાથી કુમારપાળને પકડી કેદ કરવાનો પ્રયત્ન કર્યો પણ કુમારપાળ નાસતો ફર્યો તે વેળા તેને બહુ દુ ખ વેઠવુ પડ્યુ છેવટે તે માળવામાં નાશી ગયો ત્યા તેને સિદ્ધરાજના મરણની ખબર મળી તેથી એકદમ પાટણ આવી પોતાના બનેવી કાહાનદેવની મદદથી રાજાધિરાજ થયો.

કુમારપાળ—૧૧૪૩—૧૧૭૪—એ ૫૦ વરસની ઉમરે ગાદીએ બેઠો તે સિદ્ધરાજના ભયથી નાસતો હતો ત્યારે તેને **ઉદાયન** મત્રી અને **હિમાચાર્ય** વગેરે જૈન સાધુઓએ ઘણી મદદ કરી હતી તેમને કુમારપાળે રાજ મળે તો શ્રાવક થવાનુ વચન આપ્યુ હતુ તે વચન ગાદીએ બેશીને પાળ્યુ.

નાગોરનો રાજા આન ચઢી આવ્યો તેને કુમારપાળે જખમી કરી તાબે થવાની જરૂર પાડી. વળી માળવાનો રાજા ચઢી આવ્યો, તેના સામે કુમારપાળે ફોજ મોકલી પણ તે

ફોજના સરદારો શત્રુ સાથે મળી ગયા, માટે કુમારપાળે પડે જઈ તેમને હરાવ્યા

કોકણના રાજાને જીતવા કુમારપાળે આમ્રભટને મોકલ્યો, તેમા તેણે પહેલીવાર હાર ખાધી, તેથી બીજીવાર ચઢાઈ કરી કાકણના રાજા મલીકાર્જુનને મારી તેની રાજધાની લૂટી આમ્રભટ ઘણું ધન લાવ્યો

કુમારપાળે શ્રાવકના દેરા અને શિવાલય ઘણા બધાવ્યા તથા સોમનાથનુ દેરૂ સમરાવ્યુ, ને ૮૦ વર્ષની ઉમરે રક્તપીત્તના રોગથી મરણ પામ્યો તેના પછી તેના ભાઈ મહીપાળનો દીકરો અજેપાળ ગાદીએ બેઠો.

અજેપાળ—૧૧૭૪-૧૧૭૭ એ શીવધર્મી હતો તેથી તેણે શ્રાવકના ઘણાક દેરા તોડયા તથા જૈન આચાર્યોને માર્યા છેવટે તેના પોળીઆએ તેની છાતીમા કટાર મારી તેને મારી નાખ્યો તેના પછી તેનો દીકરો ગાદીપર બેઠો

મૂળરાજ બીજો—૧૧૭૭—૧૧૭૯ એ બાળક હતો માટે બાળમૂળરાજ કહેવાય છે એના વખતમા રાજકારભાર તેની મા **નાયકાદેવી** ચલાવતી હતી તે દરમીયાન કાબુલનો **શાહબુદ્દીનઘોરી** ૧૧૭૮ મા ગુજરાતપર ચઢી આવ્યો હતો, તેને બાળમૂળરાજના કાકા ભીમદેવે હરાવી પાછો કાઢયો. મૂળરાજ બે વરસ રાજ કરી મરણ પામ્યો તેથી તેનો કાકો ભીમદેવ ગાદીએ બેઠો.

ભીમદેવ બીજો-૧૧૭૯-૧૨૪૨ એ ચઢાઉ અને અવિચારી હતો માટે તેને **ભોળો ભીમ** કહેછે એના વખતમા કાબુલના મુસલમાન પાદશાહ હિદુસ્તાન જીતવાને પાછા આવવા

લાગ્યા. રજપૂત રાજા પોતાનો બચાવ કરવાને બદલે આવી વખતે માહોમાહે લઢી નબળા પડયા, તેથી શાહાબુદ્દીન ઘોરી ફાવ્યો

આ વખતે અજમેરમા ચોહાણ રાજા શોમેશ્વર રાજ કરતો હતો, તેના કુવર પૃથુરાજને પોતાની માના બાપની દિલ્લીની ગાદી મળી તેથી પૃથુરાજ દિલ્લી અને અજમેરનો રાજા થયો કનોજનો જયચદ્ર રાજા પૃથુરાજની માશીનો દીકરો થતો હતો. તેણે દિલ્લીના રાજમાથી અર્ધ ભાગ માગ્યો તેથી ને એની વચ્ચે ટટો વધ્યો પૃથુરાજને ગુજરાતના ભીમદેવ સાથે લઢાઈ થવાનુ કારણ—આબુના રાજાની કુવરીનો વિવાહ પૃથુરાજ સાથે કર્યો હતો, તેને ભોળાભીમે માગી આબુના રાજાએ ના પાડી કુવરીને અજમેર મોકલી દીધી, માટે ભીમદેવ ગુસ્સે થઈ આબુના રાજાપર ચઢયો ને તેનીપૂઠે અજમેર સૂધી ગયો અજમેરના રાજા શોમેશ્વરને લઢાઈમા માર્યો, તેથી પૃથુરાજ ગુજરાત ઉપર ચઢી આવ્યો, ને ભીમદેવને હરાવી બાપને માર્યાનુ વેર લીધુ આમ કનોજ, દિલ્હી અને ગુજરાતના રાજા અંદર અ-દર લઢી નબળા પડયા

ઇ સ ૧૧૯૩ મા શાહાબુદ્દીન ઘોરી દિલ્હી ઉપર ચઢી આવ્યો દિલ્હીનો છેલ્લો રજપૂત રાજા બહાદુરીથી લડતા હાર્યો અને મરાયો તેથી પૃથુરાજનુ રાજ મુસલમાન બાદશાહને હાથ ગયુ પછી ગોરી બાદશાહે કનોજ જીતી ગુજરાત જીત-વાને પોતાના સરદાર કુતુબુદ્દીનને મોકલ્યો ઈ. સ. ૧૧૯૫ લઢાઇમા ભીમ હાર્યો ને નાશી ગયો પણ બીજા રજપૂત રાજા-ઓની મદદ મેળવી પાછો આવ્યો ને કુતબુદ્દીનને જખમી

કર્યો એવામા પાદશાહી ફોજ આવી પહોચી તેથી કુતબુદ્દીન બચ્યો ને ભીમદેવ ફરીને નાશી ગયો પણ થોડા વખત પછી પાછો આવી ગુજરાતમાથી મુસલમાનોને કાઢી મૂક્યા ભીમદેવના સામતોએ બડ કર્યા તેમા જયતસિંહ સોળકીએ ૧૨૨૪મા તેનુ રાજ લઈ પોતાના નામની દુવાઈ ફેરવી તેની પાસેથી પણ ભીમદેવે ત્રણ ચાર વરસમા રાજ લઈ લીધુ પછી વાઘેલા સરદારોએ બડ કરી કેટલાક પ્રાત જીતી પોતાની રાજધાની ધોળકામા કરી ઈ સ ૧૨૪૨ મા ભીમદેવ મરણ પામવાથી તેનો દીકરો ગાદીએ બેઠો

ત્રીભોવનપાળ–૧૨૪૨–૧૨૪૪ એ સોળકી વશમા છેલ્લો રાજા થયો તે નબળો હોવાથી તેનુ રાજ ધોળકાના વાઘેલા ગણા વિશળદેવે લઈ લીધુ

વાઘેલા વંશ.

સોળકી રાજાઓનુ જોર નરમ પડ્યુ તે વખતે **અરણોરાજ** નામે સૂરા વાઘેલા સામતે પાટણના મહારાજા ભોળા ભીમદેવને સારી મદદ કરી હતી તેથી તેના કુવર **લવણ પ્રસાદ**ને ભીમદેવે પોતાનો પ્રધાન ઠરાવ્યો પાછળથી તેમને અણબનાવ થયાથી લવણપ્રસાદે બડ ઊઠાવ્યુ અને સાબરમતી અને નર્મદાની વચ્ચેનો મુલક તથા ધોળકા અને ધધુકા પ્રગણા કબજે કરી પોતાની રાજધાની ધોળકામા કરી એને વિરધવળ નામે પરાક્રમી કુવર હતો, તેણે ખભાત, ગોધરા, વગેરે જીતી રાજનો વધારો કર્યો

વસ્તુપાળ અને તેજપાળ નામે શ્રાવક વાણીઆ વિરધવળના મંત્રી હતા તેઓ લઢવૈયા અને રાજકાજમા ચતુર હતા વિરધવળને વિરમદેવ અને વિશળદેવ નામે બે કુવર હતા.

વિરમદેવને તેના બાપ તથા કારભારીઓ સાથે બનતું નહોતું તેથી તેને વિરમગામમાં રાખ્યો હતો તેણે વિરધવળનુ મરણ થયા પછી ગાદીનો દાવો કર્યો વસ્તુપાળની મદદથી વિશળદેવને ગાદી મળી ૧૨૪૦ વિરમદેવ હાર્યો ને માર્યો ગયો

વાઘેલા વંશની વશાવળી.

વિશળદેવ	૧૨૪૪	૧૨૬૨	૧૮
અરજુનદેવ	૧૨૬૨	૧૨૭૫	૧૩
સારંગદેવ.	૧૨૭૫	૧૨૭૯	૪
કરણઘેલો	૧૨૭૯	૧૩૦૪	૨૫

વિશળદેવ—૧૨૪૪-૧૨૬૨ એણે ૧૨૪૪ મા ત્રીભોવનપાળ પાસેથી અણહિલવાડ જીતી લીધુ તેથી ગુજરાતની ગાદીએ વાઘેલા વશના રાજાનો અમલ બેઠો.

વિશળદેવે પોતાની નાણીઆ મત્રી પાસેથી વજીરાત લઈ નાગડ નામે બ્રાહ્મણને સોપી કર્ણાટકના રાજાની કુંવરીએ સ્વયવરમા વિશળદેવ સાથે લગ્ન કર્યું. એના પછીના **અરજુનદેવ** તથા **સારંગદેવના** વખતમા જાણવા લાયક બનાવ બન્યા નથી

કરણઘેલો--૧૨૭૯-૧૨૯૭. એ વાઘેલા વંશમા છેલ્લો રાજા થયો. એના વખતમા ગુજરાત મુસલમાનોને હાથ ગઈ ઈ સ ૧૨૯૭ મા દિલ્લીના બાદશાહ અલાઉદ્દીનનો ભાઈ અલીફખા તથા વડો વજીર નસરતખા મોટી જબરી ફોજ લઈ ગુજરાતપર ચઢી આવ્યા. તેથી કરણઘેલો દક્ષિણમા નાશી ગયો, અને વનરાજની સ્થાપેલી નગરી પરદેશી અને પરધર્મીને હાથ ગઈ, ગુજરાતમાં મુસલમાની અમલ બેઠો. મુસલમાની

લશ્કરે શેહેર, ગામ અને ખેતરો લુટયા તથા બાળ્યાં અને રૂદ્રમાળ વગેરે દેરા તોડી દેશને નષ્ટ તથા ભ્રષ્ટ કર્યો રાજા કરણની રાણીઓને પકડી દિલ્હી મોકલી દીધી તેમાની કમળાદેવી બાદશાહની માનીતી બેગમ થઈ, એ કમળાદેવીની દીકરી દેવળદેવી કરણ રાજાની પાસે હતી ત્યાથી તેને તેડી લાવવાને કમળાદેવીએ બાદશાહને શીખવ્યુ

નાશિકની ઉત્તરે બાગલાણના પહાડી પ્રાનમા કરણ ભગયો હતો ત્યા જઈ બાદશાહની ફોજે દેવળદેવીને માગી પોતાની દીકરી ન આપતા કરણરાજા બહાદુરીથી બાદશાહી ફોજ સાથે લડયો પણ હાર્યો ને બાદશાહી ફોજે બળાત્કારે તે કુવરીને પકડી દિલ્હી મોકલાવી, કરણ રઝળી રખડી ભુડી હાલતે મરણ પામ્યો ઈ. સ ૧૩૦૪

સમાપ્ત.